Rediffusion/Edelman

**Publication:** Nirmal Metro
**Date:** 3/08/2013
**Edition:** Ahmedabad
**Page No.:** 2
**Headline:** Jalaj Maheswari and Ravija Amlani Ahmedabad's smart tech wizard – 2013

# જલજ મહેશ્વરી અને રવિજા અમલાની અમદાવાદના 'સ્માર્ટ ટેક વિઝાર્ડ' ૨૦૧૩

•મેગા ફાયનલમાં બંને અમદાવાદનું પ્રતિનિધિત્વ કરશે

અમદાવાદ, તા.૨ ઓગસ્ટ, ૨૦૧૩: શહેરની વિવધ શાળાઓના ૧૧૦૦થી વધુ વિદ્યાર્થીઓએ અમદાવાદમાં આશ્રમ રોડ ઉપર આવેલા ટાઉનહોલમાં અગ્રણી આઈટી સર્વિસીસ, કન્સલ્ટીંગ અને બિઝનેસ સોલ્યુશન ફર્મ ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ (TCS) દ્વારા યોજાયેલી ટીસીએસ આઈટી ક્વિઝમાં ભાગ લીધો હતો.

અમદાવાદની પ્રાદેશિક ફાયનલમાં સંત કબીર શાળા ના જલજ મહેશ્વરી અન રવિજા અમલાની તથા મહારાજા અગ્રેશન શાળાના યશ ગોહિલ અને માનસ ગુપ્તા વચ્ચે સ્પર્ધા થઈ હતી. આ ફાયનલમાં ખૂબ સ્પર્ધાયુક્ત વાતાવરણ જોવા મળ્યું હતું. દરેક વિજેતાને આઈપેડ તથા દરેક રનર્સ અપને એક ગેલેક્સી ટેબ્લેટ આપવામાં આવ્યું હતું. વિજેતા જોડી મેગા ફાઈનલમાં અમદાવાદનું પ્રતિનિધિત્વ કરીને ''સ્માર્ટ ટેક વિઝાર્ડ ૨૦૧૩'' સ્પર્ધામાં સામેલ થશે.

વિજેતાઓને ડિરેક્ટર પ્રો. જે.એન. ગોસ્વામી -ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી, અમદાવાદ તથા શ્રી પંકજકુમાર ગુપ્તા - ડિલિવરી સેન્ટર હેડ - ટીસીએસ ગરિમા પાર્ક, ગાંધીનગર દ્વારા ઈનામ એનાયત કરાયું હતું.

ક્વિઝમાં વિદ્યાર્થીઓ વચ્ચે ઈન્ટરેક્ટિવ ટ્વિટર કોન્ટેસ્ટ યોજવામાં આવી હતી, જેમા સ્પર્ધકોને સોશ્યલ મિડિયા આઉટરીચ પ્રોગ્રામના હિસ્સા તરીકે ચકાસવામાં આવ્યા હતા. રિજીયોનલ ફાયનલમાં ૧૪૩૩ ટ્વીટ્સ નોંધાયા હતા.

આ વર્ષે ટીસીએસ આઈટી વીઝ મારફતે સ્માર્ટ ટેક વિઝાર્ડ શોધ અમદાવાદ, બેંગ્લોર, ભુવનેશ્વર, ચેન્નાઈ, કોઈમ્બતુર, દિલ્હી, હૈદ્રાબાદ, કોચી, કોલકતા, લખનૌ, મુંબઈ, નાગપુર અને પુના સહીત દેશના ૧૪ સ્થળોએ યોજાશે. પુનેઈ ટીમના વિજેતાઓ પણ મેગા ફાઈનલના ટાઈટલ માટે સ્પર્ધા કરશે.

<u>ટીસીએસ આઈટી વીઝનું ફોર્મેટ:</u>

લેખિત પ્રિલિમમાં દરેક ટીમને સ્થળ ઉપર ૨૦ સવાલો પૂછવામાં આવ્યા હતા. લેખિત પ્રિલિમમાં ૬ ટીમને પ્રાદેશિક ફાઈનલ માટે ક્વોલિફાય કરવામાં આવી હતી.



પ્રાદેશિક ફાઈનલ ક્વિઝનું વિશિષ્ટ પાસુ અંગ્રેજી મેં થના આધારિત ક્વિઝ સોફ્ટવેર હતું. આ અનોખુ ફોર્મેટ ક્વિઝ માસ્ટર પીકબ્રે ઈન અને તેમની ટીમ દ્વારા તૈયાર કરવામાં આવ્યું હતું. સ્પર્ધામાં નીચે મુજબના રાઉન્ડ રાખવામાં આવ્યા હતા:

- ડેટા ક્લાઉડ
- બીગ ડેટા વિઝ્યુલાઈઝેશન
- આઈઓટી-ઈન્ટરનેટ ઓફ થીંગ્ઝ
- ગ્રીન ટ્રસ્ટ! અને
- @TCS

૬ ફાઈનલીસ્ટને પણ ટીસીએસ દ્વારા ડબલ ડકલ જીમ બેગ, હેડ ફોન, યુએસબી પેન ડ્રાઈવ, નોટબુક સ્ટીકર્સ અને ટી શર્ટ્સ ઈનામો તરીકે અપાયા હતા.

આ સ્પર્ધા ધોરણ-૮ થી ૧૨ માં ભણતા (જુનિયર કોલેજ સ્ટુડન્ટસના પ્રિ-યુનિવર્સિટી સહીત) તમામ શાળાઓના વિદ્યાર્થીઓ માટે ખુલ્લી રાખવામાં આવી હતી.

**વિષય:** આ ક્વિઝમાં ઈન્ટરનેટની દુનિયા અને યુનિક વેબ સાઈટ, આઈટી બઝવર્ડ્ઝ અને એક્રોનીમ્સ, આઈટી પર્સોનાલિટીઝ નેશનલ અને લોકલ, આઈટી અને કોમ્યુનિકેશન કંપનીઓના વિજ્ઞાપનો, સોફ્ટવેર પ્રોડક્ટસ અને બ્રાન્ડ્ઝ, હિસ્ટ્રી ઓફ આઈસી તથા આઈટીના રમુજી પાસાંઓને આવરી લેવાશે. ક્વિઝમાં આઈટીની જેની ઉપર અસર થઈ છે તેવા શિક્ષણ, મનોરંજન, પુસ્તકો, મલ્ટી મિડિયા, મ્યુઝિક, મુવીઝ, ઈન્ટરનેટ, બેંકીંગ, એડવર્ટાઈઝીંગ, સ્પોર્ટસ, ગેમીંગ, સોશ્યલ નેટવર્કીંગ, બ્લોગીંગ, સેલ ફોન વગેરે ક્ષેત્રોને પણ આવરી લેવાશે. ટીસીએસ અંગે પણ એક એક્સક્લુઝિવ રાઉન્ડ યોજાશે. (જુઓ www.tcsitwiz.com & www.tcs.com)

**ટીસીએસ આઈટી વિઝ અંગે:**

ટીસીએસ આઈટી વિઝ એ સૌથી મોટી ઈન્ટર સ્કૂલ આઈટી ક્વિઝ અને ૧૯૯૯માં કોર્પોરેટ સોશ્યલ રિસ્પોન્સિબીલીટી હેઠળ ૧૯૯૯માં શરૂ કરાયેલો શૈક્ષણિક પ્રોગ્રામ છે. એશિયાની સૌથી મોટી આઈટી ફર્મ તરીકે ટીસીએસ ટેક્નોલોજી અંગે જાણકારી માટે પાયાની ભૂમિકા ભજવે છે અને યુવા વિદ્યાર્થીઓ માટે ઈન્ફોર્મેશન ટેક્નોલોજીની દુનિયાની બારી ખોલી દે છે. ટીસીએસ આઈટી વિઝ મારફતે કંપનીનો ઉદેશ શાળાઓના વિદ્યાર્થીઓને આઈટીમાં અને તેના દ્વારા થતી સંભાવનાઓમાં રસ લેતા કરી યુવા અને જીજ્ઞાસુ માનસમાં ઉર્જા અને ભાવનાત્મકતા પેદા કરવાનો છે. આજના સમાજ અને અર્થતંત્રમાં આઈટી આવશ્યક ભાગ ભજવે છે અને વિવિધ ક્ષેત્રોમાં સફળતા માટે તેની ભૂમિકા મહત્વની છે. તમે અમને @TCSITWiz દ્વારા ટ્વીટર ઉપર પણ ફોલો કરી શકો છો.